| | |
|---|---|
| દાખલ તારીખ : | ૦૨/૦૩/૨૦૨૬ |
| રજીસ્ર્ટડ તારીખ : | ૦૨/૦૩/૨૦૨૬ |
| નિકાલ તારીખ : | ૦૨/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | ૦૦ / ૦૧ /૦૦<br>દિવસ માસ વર્ષ |

---

મહે.કરજણના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ર્ટ્રટ સાહેબની કોર્ટમાં, કરજણ

---

મુદ્દામાલ અરજ નંબર : ૬૧/૨૦૨૬.
આંક :

---

<u>અરજદાર :</u> <u>ઉ.વ.આ.</u> <u>ધંધો.</u>

મોહંમદ ઓવેશખાન યાસીનખાન હાપાણી. ૨૫ ડ્રાઈવીંગ

રહે. ચડોતર,હે.સિપાઈવાસ,

તા.પાલનપુર,જિ.બનાસકાંઠા.

<u>વિ રૂ દધ</u>

<u>સામાવાળા :–</u>

૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

૨. સંચાલકશ્રી, કરજણ –મીંયાગામ પાંજરાપોળ.

<u>બાબત: બી.એન.એસ.એસ.ની કલમ:૪૯૭ મુજબ મુદ્દામાલ તરીકે કબજે લીધેલ પશુઓ દુધાળી તથા બાખડી ભેસો નંગ–૧૮ પરત મેળવવા અરજ.</u>

---

**અરજદાર તરફે :- વિધ્વાન વકીલ શ્રી. એસ.આઈ.વિહારી.**
**સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી.શ્રી. જે. જી. મલેક.**
**પાંજરાપોળ તરફે :- વિધ્વાન વકીલ શ્રી. એમ. આર. હાન્ડે.**

---

**// ઠ રા વ //**

**૧).** આ કામના અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ:૪૯૭ મુજબ હાલની અરજ દાખલ કરી જણાવેલ છે કે તેઓની માલિકી અને કબજા ભોગવટાના પશુઓ દુધાળી તથા બાખડી ભેસો નંગ-૧૮ કે જે કરજણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. :-૧૧૧ ૯૭૦૨૫૨૬૦૨૬૭/૨૦૨૬, પ્રાણીઓની સાચવણી અંગેનો અધિનિયમ P/A/A ની કલમ 5(1),8(1),9,10 તથા પશુઓ પ્રત્યોનો ઘાતીચપણુ અટાકાવવાઓ અધિ નિયમની કલમ 11(1)a,11(1)b,11(1)e,11(1)f,11(1)h,11(1)k તથા એમ.વી. એકટની કલમ:૧૯૨,૧૭૭ મુજબના કામે પોલીસે કબજે કરેલ છે તે મેળવવા માટે હાલની આ અરજ કરેલ છે.

**૨).** સદર કામે અરજી વંચાણે લીધી.સામાવાળા શ્રી સરકારને નોટીસ કાઢતા તેઓ તરફે વિ.એ.પી.પી.શ્રી.જે.જી.મલેક ઉપસ્થિત થયેલ છે તથા આંક : ૦૧ ઉપર કરેલ શેરો વંચાણે લીધેલ છે તથા ત.ક.અ.ધ્વારા રજુ કરવામાં આવેલ પોલીસ અભિપ્રાય વંચાણે લેવામાં આવેલ છે તથા રેકર્ડમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ છે.

**૩).** વિશેષમાં અરજદાર દવારા બે અરજીઓ દાખલ કરવામાં આવેલ છે.

અગાઉની અરજી વાહન મેળવવા માટે છે તથા હાલની અરજી ઢોર પરત મેળવવા માટે કરવામાં આવેલી છે. અગાઉની અરજી નં.૬૦/૨૦૨૬ માં સામાવાળા તરીકે ફક્ત શ્રી સરકારને જોડવામાં આવેલ છે. એ સિવાય કોઈને સામાવાળા તરીકે જોડવામાં આવેલ નથી. જ્યારે હાલની ઢોર પરત મેળવવાની અરજી નં.૬૧/૨૦૨૬ માં સામાવાળ તરીકે શ્રી સરકાર અને પાંજરાપોળ કરજણને જોડવામાં આવેલ છે. જેથી હાલની અરજીમાં પાંજરપોળ તરફે વિ.વ.શ્રી હાજર થયેલા છે અને પોતાનો વિગતવારનો વાંધો નોંધાવેલ છે. સાથે અગત્યના ચુકાદાઓ અને હુકમ રજુ કરેલ છે. જે આ અરજીના નિર્ણયમાં ધ્યાને લેવામાં આવેલ છે.

**૪).** આ કામે અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>// દસ્તાવેજી પુરાવાઓ//</u>**

| | | |
|---|---|---|
| ૧. | માર્ક ૩/૧ થી, | અરજદારના આધાર કાર્ડની નકલ. |
| ૨. | માર્ક ૩/૨ થી, | ગુનાની એફ.આઈ.આર. |
| ૩. | માર્ક ૩/૩ થી, | અરજદાર પશુપાલનનો ધંધો કરે છે તે બદલની ભાલેજ ગ્રામ પંચાયતનો દાખલો. |
| ૪. | માર્ક ૩/૪ થી, | પશુઓની ખરીદી કરેલ તે બદલની પાવતી. |
| ૫. | માર્ક ૩/૫ થી, | આરોપીઓએ આપેલ નો કલેઈમ પુરષીસ. |

**૫).** સદર કામે પોલીસ ધ્વારા અભિપ્રાય રજુ થયેલ છે તે વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે અરજદારની કબજે કરેલ દુધાળી અને બાખડી ભેસો નંગ-૧૮ છે જે અંગેનો આપેલ અભિપ્રાય વંચાણે લેતાં જણાવેલ છે કે, કબજે કરેલ પશુઓ જો આ

કામના અરજદારને પરત આપવામાં આવશે તો તેઓ ફરી વખત ખીચોખીચ ભરી હલન ચલન ન કરે તે રીતે મુશ્કેટાટ દોરડા વડે બાંધી ઘાસચારા તથા પાણીની કોઈ વ્યવસ્થા નહીં રાખી સક્ષમ અધિકારીનો દાખલો મેળવેલ નથી અને કેસના ટ્રાયલ સમયે જયારે જયારે મુદ્દામાલની જરૂરીયાત હોય ત્યારે હાજર ન રાખે તેવી શકયતા રહેલ હોય ગુનાના કામે કબજે કરવામાં આવેલ પશુઓ પરત નહી આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે અને અરજી નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

૬). અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રી.એ રજુઆત કરતા જણાવેલ છે કે સદર કબજે કરેલ દુધાળી અને બાખડી ભેંસો નંગ–૧૮ પોલીસે આ ગુનાની તપાસ દરમ્યાન આરોપી પાસેથી કબજે કરેલ છે જે હાલમાં પાંજરાપોળમાં છે અને અરજદાર ભેંસોના મુળ માલિક છે તેઓએ વેચાણથી રાખેલ છે અને પશુ પાલનનો ધંધો કરે છે. વધુમાં, જણાવે છે કે કબજે કરવામાં આવેલ ભેસોં કાયદા ધ્વારા પ્રોહીબીટેડ એનીમલ ની શ્રેણીમાં આવતી ન હોય અને ટ્રકમાં પશુઓ માટે ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરેલ હતી અને સાથે લઈ જતા હતા તેમ છતાં પોલીસે કોઈપણ જાતની તપાસ કર્યા વિના ખોટી રીતે હાલનો ગુનો દાખલ કરેલ છે અને તેઓ આ પકડાયેલા ઢોરના માલિક છે અને તે અંગે તેઓ જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.જે તમામ હકીકત ધ્યાને લઈ અરજદારની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૭). આ કામે વિ.એ.પી.પી.શ્રી.એ હાલની અરજી સામે પોતાનો સખત વાંધો રજુ કરી દલીલ કરી જણાવેલ છે કે આ કામના આરોપીએ ફરીયાદ હકીકત મુજબ પશુઓ ને હેરફેર કરવા માટે કાયદામાં જણાવ્યા મુજબ વેટેનરી ડોકટર તથા સર્ટીફીકેટ પણ

મેળવેલ નથી અને ફરીયાદ હકીકત જોતાં આરોપી પશુઓને કતલખાને લઈ જતા હોવાનો સ્પષ્ટ આક્ષેપ છે અને આરોપી વિરૂધ્ધ આવા ગંભીર પ્રકારના આક્ષેપ હોય તો તેવા સંજોગેમાં આરોપી/અરજદારને પશુઓનો કબજો સોંપી શકાય નહી તે હકીકત ધ્યાને લઈ હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

૮). આ કામે ઉભયપક્ષકારોના વિ.વ.શ્રી.ઓ ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં પશુજીવ ભેંસો નંગ–૧૮ પ્રાણી સાચવણી અંગેની અધિનિયમની કલમ તથા પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની અલગ અલગ કલમો હેઠળ કરજણ પોલીસ સ્ટેશન ધ્વારા કબજે કરવામાં આવતાં અરજદારે આ પશુજીવોનો વચગાળા નો કબજો કાયદા મુજબ પરત મેળવવા માટે હાલની અરજ કરેલ છે ત્યારે આ તબકકે પશુ સંરક્ષણ અધિનિયમની કલમ : ૬(એ) ધ્યાને લેતાં જયારે કોઈપણ વ્યકિત આ અધિનિયમની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરીને કલમ : ૫ ની પેટા કલમ : ૧(ક) માં નિર્દીષ્ટ કરેલ પશુઓની રાજયની અંદરના સ્થળેથી બીજા સ્થળે તેના વધ ના હેતુ માટે અથવા તેનો એવી રીતે અથવા તેનો એવી રીતે વધ કરવામાં આવશે અથવા વધ થવાનો સંભવ છે તેની પુરતી જાણકારી સાથે હેરફેર કરી શકશે નહીં અથવા હેરફેર કરવાની તૈયારી બતાવી શકશે નહી અથવા હેરફર કરાવડાવશે નહીં. આમ, ઉપરોકત કલમો અંગે જોવામાં આવે તો આ કલમ આ અધિનિયમની કલમ:૫ ની પેટા કલમ:૧ માં નિર્દીષ્ટ કરેલ પશુ જીવો એટલે કે ગૌવંશોને લાગુ પડે છે પરંતુ હાથ પરની અરજી જે ગુના સંબંધે છે તે ધ્યાને લેતાં પશુ જીવો ગૌવંશ નથી. આ ઉપરાંત પશુ અધિનિયમની કલમ : ૨૯ ધ્યાને લેવી ખૂબ જ જરૂરી જણાય છે તે નીચે મુજબ છે.

29. Power of court to deprive person convicted of ownership of animal.—

(1) If the owner of any animal is found guilty of any offence under this Act,the court, upon his conviction thereof, may, if it thinks fit, in addition to any other punishment, make an order that the animal with respect to which the offence was committed shall be forfeited to Government and may, further,make such order as to the disposal of the animal as it thinks fit under the circumstances.

(2) No order under sub-section (1) shall be made unless it is shown by evidence as to a previous conviction under this Act or as to the character of the owner or otherwise as to the treatment of the animal that the animal,it left with the owner, is likely to be exposed to further cruelty.

આમ, સદર કલમ : ૨૯ (૧) વંચાણે લેતાં પશુઓના માલિક આ કાયદા અન્વયે ગુનોગાર ઠરે ત્યારે જો મેજીસ્ટ્રેટને ઉચિત જણાય તો અન્ય સજાની સાથે પશુઓ પણ કે જેના પ્રત્યે ક્રુરતા આચરવામાં આવેલ હોય તે પશુઓને સરકાર ખાલસા કરવાનો હુકમ મેજીસ્ટ્રેટ કરી શકે છે પરંતુ કલમ : ૨૯(૨) ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો મેજીસ્ટ્રેટ પશુઓ ખાલસા કરવાનો હુકમ જયાં સુધી નહીં કરે કે જયાં સુધી તેઓની સમક્ષ આરોપીને અગાઉ આજ પ્રકારના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય તેવો પુરાવો રજુ કરવામાં ન આવે અથવા તો જેનો કોઈ પુરાવો રેકર્ડ પર ન હોય કે જે આ પશુઓ માલિકને પરત સોંપવામાં આવશે તો પશુઓને વધુ અત્યાચારનો ભોગ બનવો પડે.

૯). વધુમાં,નામદાર એપેક્ષ કોર્ટ ધ્વારા પશુઓનો વચગાળાનો કબજો સોંપતી વખતે અદાલતે શું ધ્યાને લેવુ જોઈએ તે સંદર્ભે આપવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંત ની સાથે સાથે કાયદાની કલમ : ૨૦ તથા ૩૫ ધ્યાને લેતાં આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ પશુઓને ખાલસા કરવાનો પ્રશ્ન આરોપીને અગાઉ તકસીરવાન ઠરાવેલ હોય અથવા તો ઈન્સાફી કાર્યવાહીના અંતે ઠરાવવામા આવે ત્યારે ઉપસ્થિત થાય છે. અત્યારે આવો કોઈ હુકમ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવા સંજોગો માં હાલના બતકકે અદાલતે માત્ર એટલી હકીકત જોવાની રહે છે કે,પશુઓને તેના માલિક એટલે કે અરજદારને પરત સોંપવામાં આવે તો પશુઓને વધારે અત્યાચારનો ભોગ બનવુ પડશે કે કેમ? વધુમાં અદાલતે સાથે સાથે એ હકીકત પણ જોવાની રહે છે કે હાલના અરજદાર અગાઉ આ કાયદા હેઠળના ગુનામા કે તકસીરવાન ઠરેલ છે કે કેમ? અને જયારે આ પશુઓ ઈન્સાફી કાર્યવાહી વખતે જરૂર પડે તો આ પશુઓને અરજદાર પાસેથી પાછા રજુ કરી શકાય તેમ છે કે કેમ? હવે આ પ્રશ્નો સંબંધે જોવામાં આવે તો સદર આરોપી તથા સદર વાહન મોજે: સોનગઢ પોલીસ સ્ટેશન, તા.સોનગઢ, જી.તાપી ખાતે આજ પ્રકારના ગુનામાં પકડાયેલ હતું જેનો ગુ.રજી.નં.૧૧૮૨૪૦૦૪૨૬૦૩૫૬/૨૦૨૬ છે. જેમાં હાલનાજ અરજદારે મુદ્દામાલ અરજી નં.૩૨/૨૦૨૬ કરતા તે અરજી નામ.સોનગઢ જે.એમ.એફ.સી. દવારા તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ શરતોને આધીન મંજુર કરવામાં આવેલ છે. જે હુકમના પાના નં.૫ ઉપર બીજી અને ત્રીજી લીટીમાં વાહન તરીકે ''***અશોક લેલન કંપનીની ટ્રક નં.જીજે.૦૮.એ ડબલ્યુ.૮૬૯૨*** '' દર્શાવેલ છે, તથા ચોથી અને પાંચમી લીટીમાં અરજદાર તરીકે ''***મોહંમદ ઓવેશખાન યાસીનખાન હાપાણી*** '' દર્શાવેલ છે તથા આ હુકમમાં શરત નં.૪ દર્શાવેલ છે કે, ''***૪.મુદ્દામાલ ફરી આ***

***પ્રકારના ગુનાકામે ઉપયોગ ના થાય તેની સંપૂર્ણ તકેદારી લેવાની રહેશે.***''

**૧૦).** આમ અરજદાર આવા ગુના કરવા ટેવાયેલા હોવાનું જણાઈ આવે છે. તેમજ હાલના અરજદાર તથા વાહન એકજ પ્રકારના ગુનામાં બે વખત અત્યંત ટુંકા દીવસોના ગાળામાં પકડાયેલ છે. જે બાબત વ્યાજબી નથી. અરજદાર એકજ પ્રકારના ગુના કરવા ટેવાયેલા છે તથા કોર્ટના હુકમનો પણ આદર કરેલ નથી. તેમજ હકમની શરતનો ભંગ કરેલ છે. આમ પશુઓ છોડવામાં આવે તો ફરીવાર તેને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવે તેવી પુરી શકયતા રહેલી છે. જેને કોઈપણ પ્રકારે નકારી શકાય તેમ નથી. કારણ કે ગુનો આચરી ચુકયા છે.

**૧૧).** વધુમાં, સામાવાળા નં.ર તરફે રજુ પશુઓ તથા વાહનના ફોટોગ્રાફસ જોતાં આરોપી વિરુધ્ધ પશુ જીવો ખીચોખીચ દોરડાથી બાંધી ઢાંકેલ છે અને તે હલન ચલન ન કરી શકે તેવી ક્રુરતાપૂર્વક બાંધેલા હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. સદર ફોટો ગ્રાફસનો અરજદાર દવારા કોઈ વિરોધ પણ કરવામાં આવેલ નથી. વધુમાં પશુજીવોને જે વાહનમાંથી કબજે કરવામાં આવેલ તે સમયે તે પશુઓ લાચાર અને અશકત હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. ગુનાની એફ.આઈ.આર. વંચાણે લેતાં પશુજીવોને ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદાથી લઈ જતા હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં હાલના અરજદાર અગાઉ આવા જ પ્રકારના ગુનામાં સંડોવાયેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ જેનો પણ વિરોધ અરજદાર દવારા કરવામાં આવેલ નથી.

**૧૨).** હાલની અરજીના નિર્ણય વેળા પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમાની

કલમ: ૧૧ ની ''**એ**'' થી ''**ઓ**'' સુધીની જોગવાઈ વંચાણે લેવામાં આવેલ છે. તથા ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ રૂલ્સ ૧૯૭૦ ના નિયમ ૫૬ તથા ૬૪ થી ૭૨ વંચાણે લેવામાં આવેલ છે. જે પેકી નિયમ ૫૬(સી) મુજબ ગુડસ વ્હીકલમાં છ થી વધુ પશુઓની હેરફેર ન કરી શકાય, તેમજ વાહન ખાસ ડીઝાઈનનું તથા પરવાનગીપાત્ર હોવું જોઈએ. હાલના કેસમાં કુલ:૧૮ પશુઓ ભરવામાં આવેલા છે.

**૧૩).** સેન્ટ્રલ મોટર અમેન્ડમેન્ટ રૂલ્સ–૨૦૧૫ ના નિયમ ૧૨૫ મુજબ ચોકકસ જગ્યા ધરાવતા વાહનમાં જ પશુઓની હેરફરે થઈ શકે છે. તે નિયમ મુજબનું હાલનું વાહન નથી.

**૧૪).** ક્રિમીનલ અપીલ નં.૧૭૧૯/૨૦૨૨ શ્રી છત્રપતી શિવાજી ગૌશાળા વિ. મહારાષ્ટ્ર રાજયના ચુકાદામાં ક.૮(૩) મુજબ ગાય ભેંસ બળદ તમામનું રક્ષણ કરવાના હેતું માટે મેંસોની કસ્ટડી માલીકને સોપવામાં આવેલ ન હતી.આમ પશુઓ એકમ્ર્ ભેંસો હોવાથી અરજદારને ફરીજીયાપણે આપી દેવું ન્યાયોચિત જણાતું નથી, કારણકે તેના પર ક્રુરતા આચરેલાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. જોગવાઈઓનો ભંગ થયેલો હોવાનું પણ સ્પષ્ટ થાય છે.આ સંજોગોમાં ધી પ્રિવન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ એકટ–૧૯૬૦ ની કલમ:૨૯ વંચાણે લેતાં પશુઓનો કબજો અરજદારને સોંપવો ઉચિત જણાતો નથી.

ઉકત કારણો ધ્યાને લેતાં અરજદારની હાલની પશુઓ છોડાવાની અરજી કોઈપણ પ્રકારે મંજુર કરી શકાય તેમ ન હોય તેવુ આ અદાલતનું માનવું હોય અરજદારની હાલની અરજી તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

અરજદારની હાલની મુદ્દામાલ પશુઓ પરત મેળવવાની અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

કેસનો આખરી નિકાલ થતા સુધીનો, પશુઓનો વચગાળાનો કબજો, સામાવાળા નં.ર પાંજરાપોળ મીંયાગામ–કરજણ પાસે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સામાવાળા નં.ર, પશુઓનો દેખભાળ–સેવા–માવજત કરનારી સંસ્થા હોય અને પશુઓ છોડવા સામે સખત વિરોધ નોંધાવેલ હોય પશુઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલતા દાખવેલ હોય પશુઓના નિભાવ અને માવજતની તમામ જવાબદારી કેસના અંતવેળા સુધી એકમાત્ર સામવાળા નં.ર પાંજરાપોળ મીંયાગામ–કરજણને સોંપવામાં આવે છે, સામાવાળા નં.ર, અરજદાર પાસેથી કોઈ ખર્ચ વસુલ મેળવવાનો રહેશે નહીં.

ઉપરોકત હુકમ આજ તારીખ: ૦ર જી, માહે:– એપ્રિલ, સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :–૦ર/૦૪/ર૦ર૬.**
**સ્થળ :– વડોદરા.**

**(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)**
**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**કરજણ .(Judge Code GJ.1488)**